વિદ્યાર્થીને જ્ઞાનવાન અને ઈન્સાન બનાવે એ જ સાચી વિદ્યા : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

શિક્ષકો માત્ર સરકારી કર્મચારી નથી, રાષ્ટ્રના ઘડવૈયા છે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

પાંચમી સપ્ટેમ્બર- શિક્ષક દિને અમદાવાદના બોડકદેવ સ્થિત પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહને સંબોધતા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીને જ્ઞાનવાન અને ઈન્સાન બનાવે એ જ સાચી વિદ્યા છે. રાજ્યપાલશ્રીએ પ્રેરક ઉદબોધન કરતાં કહ્યું કે, બાળકના શારીરિક જન્મમાં માતા-પિતાની ભૂમિકા હોય છે, પણ તેના માનસ ઘડતરમાં તો શિક્ષકની જ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

આ અવસરે ભારતીય શિક્ષણ પરંપરાનો મહિમા વર્ણવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતીય વિચાર પરંપરા સમૃધ્ધ હતી અને તેથી જ અનેક વિદેશી આક્રમણો છતાં ભારતીય સંસ્કૃતિ પર તેની અસર થઈ ન હતી. પણ અંગ્રેજોએ ભારતમાં સ્થાયી શાસન માટે સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન કર્યું. જેના પગલે ભારતીય માનસિકતા દિન-હિન બની. અંગ્રેજો જાણતા હતા કે ભારતમાં શાસન કરવા માટે શિક્ષણ વ્યવસ્થાને બદલવી પડશે, અન્યથા તે શાસન કરી શકશે નહીં.

આ અંગ્રેજ શાસનકાળની જુની-પુરાણી શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તન આણવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલી બનાવેલી નવી શિક્ષણ નીતિની પણ તેમણે પ્રસંશા કરી હતી. તેમણે ઉમેર્યું કે ભારતમાંથી અંગ્રેજો તો ગયા છે, પણ અંગ્રેજીયત ગઈ નથી.

રાજ્યપાલશ્રીએ ભારતીય ગુરુકુળ પરંપરાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ભારતમાં સમૃદ્ધ ગુરુ-શિષ્ય પરંપરા હતી અને આ સમૃદ્ધ પરંપરાના કારણે જ સમાજ ઉન્નત-વિકસિત હતો. તેમણે કહ્યું કે ભારતીય ગુરુકુળોમાં વિદ્યાર્થી કેન્દ્રસ્થાને હતો, ભૌતિક સુવિધાઓ નહીં.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે વાલીઓ અને શિક્ષકોને શિક્ષણ પ્રત્યેનો અભિગમ બદલવા માટે અનુરોધ કરતાં કહ્યું કે કોઈ પણ રાષ્ટ્રના વિકાસનો પાયો શિક્ષણ છે અને આ પાયારૂપ શિક્ષણની જવાબદારી શિક્ષકના શીરે છે. તેમણે રાષ્ટ્રની ઉન્નતિના પાયામાં નવાચાર(ઈનોવેશન) રહેલો છે અને આ નવાચાર માટે આપણે પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત કરવો રહ્યો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શિક્ષકમાં નિર્માણ અને પ્રલય બંનેની તાકાત રહેલી છે.

પર્યુષણ પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાષ્ટ્રસંત આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ દ્વારા યોજાઈ રહેલા જ્ઞાનગંગા પ્રવચનનો ભાવિકો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

કિન્નરના આશીર્વાદ યુવતીને ૬૭ હજાર રૂપિયામાં પડ્યા

ઘરનો દરવાજો બંધ હતો પણ આ મહિલાએ કિન્નરને ઘરમાં બોલાવ્યા, બાદમાં સિખ પેટે રૂપિયાની માંગણી કરી હતી

અમદાવાદ,તા.૫

ઘરમાં મહિલાઓએ એકલી હોય ત્યારે અજાણી વ્યક્તિ આવે તો ઘર ખોલવું નહિ આવી સલાહ વારંવાર પરિવારજનો આપતા રહેતા હોય છે. અને જ્યારે કોઈ મહિલા અજાણી વ્યક્તિને ઘરમાં પ્રવેશ આપે છે ત્યારે તે કોઈ ઘટનાનો ભોગ બનતી હોય છે. આવો જ એક કિસ્સો શહેરમાં બન્યો છે. એક મહિલાના ઘરે બાળકનો જન્મ થતા તેના ત્યાં કિન્નર આવ્યા હતા. ઘરનો દરવાજો બન્ધ હતો પણ આ મહિલાએ કિન્નરને ઘરમાં બોલાવ્યા. બાદમાં સિક પેટે રૂપિયાની માંગણી કરી હતી. ત્યારે મહિલાએ જણાવ્યું કે અગાઉ આવેલા માસીબા ને ૫૦૦ રૂ. આપ્યા હતા. ત્યારે આ કિન્નરના સ્વાંગમાં આવેલી વ્યક્તિએ જણાવ્યું કે તે નકલી હતા હું અસલી છું અને મારુ નામ આલિયા છે. બાદમાં વાતો વાતો માં મહિલા બેભાન થઈ ગઈ અને કિન્નરના સ્વાંગમાં આવેલી વ્યક્તિ ૬૭ હજારની મતા ચોરી ફરાર થઈ ગઈ હતી. શહેરના ગોમતીપુર વિસ્તારમાં રહેતી ૨૬ વર્ષીય યુવતી તેના પતિ અને બાળક સાથે રહે છે. ગત તા. ૩ના રોજ સાંજે આ યુવતી તેના દીકરા સાથે ઘરે એકલી હાજર હતી. તે દરમિયાન તેનું ઘર તેણે અંદરથી બંધ રાખ્યું હતું. તે દરમિયાન કોઈ વ્યક્તિએ યુવતીના ઘરનો દરવાજો ખખડાવતા તે દરવાજા પાસે ગઈ હતી અને જોયું તો એક કિન્નર તેમના ઘરના દરવાજા પાસે ઊભા હતા. કિન્નરને આ યુવતીએ ઘરમાં અંદર આવવાનું કહેતા તે અંદર આવ્યા હતા અને બાદમાં યુવતીને કહ્યું કે તમારા ઘરમાં બાબાનો જન્મ થયો છે. જેથી યુવતીએ બે મહિના પહેલા બાબો આવ્યો હોવાનું કહેતાં આ કિન્નરે સિક ના ૫૦૦૦ રૂપિયા માંગ્યા હતા. જેથી યુવતીએ આ કિન્નરને જણાવ્યું કે, અગાઉ એક માસીબા આવ્યા હતા તેઓને ૫૦૦ રૂપિયા નેક આપી હતી. જેથી આ કિન્નરે યુવતીને જણાવ્યું કે, પહેલાં જે માસીબા આવ્યા હતા તે નકલી છે અને હું અસલી આલિયા નામની માસીબા છું. આ વિસ્તારમાં હું જ નેક લેવા આવું છું. બાદમાં આ કિન્નરે યુવતીને જણાવ્યું કે, મને પૈસા નહીં આપો તો હું મારી સાડી ફાડી નાખીશ અને તમારા દીકરાને આશીર્વાદ પણ નહીં આપુ. એમ કહી બદદુવા આપવા લાગ્યા હતા. જેથી યુવતી ગભરાઈ જતા તેને તેના માસી સાસુને ફોન કરી ઘરે બોલાવ્યા હતા. ત્યારે કિન્નરે તેઓને ગમે તેમ બોલી ઘરમાંથી કાઢી મુક્યા હતા. બાદમાં આ કિન્નરે આ યુવતીના માથા ઉપર હાથ મુકતા તેને કાંઈ ભાન રહ્યું નહોતું અને થોડી વારમાં તેને અચાનક ભાન આવતા કિન્નરના સ્વાંગમાં આવેલી વ્યક્તિ તેમના ઘરમાં જણાઈ નહોતી.

સેક્ટર-૩૦ અંતિમધામ ખાતે સ્વજનોના મોક્ષાર્થે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અવસાન પામનાર સ્વજનોના અસ્થિકુંભ હરિદ્વાર ખાતે ગંગામાં પધરાવવામાં આવે તે પહેલા આ પ્રાર્થનાસભા યોજાઈ હતી. શહેરના સેવાભાવી નાગરીકો ઉદયભાઈ ત્રિવેદી અને કરશનભાઈ અસ્થિકુંભ લઈને હરીદ્વાર જવા રવાના થયા છે.

બાપા સીતારામ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરાયા

બાપા સીતારામની મઢૂલી સેક્ટર-૨૪ અન ઈન્દિરાનગરના અગ્રણીઓના ઉપક્રમે વિદ્યાર્થીઓ અને યુવાનોને ફૂલસ્કેપ ચોપડાના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાજપ વોર્ડ નં. ૩ના ઉમેદવાર સંજીવ મહેતા, ભરતભાઈ ગોહિલ, દિપિકાબેન સોલંકી, સોનાલીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા અગ્રણી હેમરાજભાઈ પાડલીયાના જન્મદિનની ઉજવણીનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પ્રસંગે વોર્ડ નં. ૩ ભાજપના પ્રમુખ ઉમેશભાઈ જહા, યોગ ગુરુ બાવરીજી, જગદીશભાઈ રાવળ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૧૦૦૦ પરિવારોને ફૂલસ્કેપ ચોપડા અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાયત્રી સોસાયટી સે-૨૭માં રસીકરણ અભિયાન

વેકિસનેશનની કામગીરી સઘન કરવાના ભાગરૂપે ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના સે-૨૭ના ગાયત્રી સોસાયટી વસાહત મહામંડળ દ્વારા સોસાયટીનું એક પણ ઘર વેકિસન લીધા વિના બાકાત રહે નહીં તે માટે શનિવાર અને રવિવાર બે દિવસ રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ દિવસે સોસાયટીના ૨૦૮ રહીશોએ ઉત્સાહભેર રસીકરણમાં ભાગ લીધો હતો તેવું સોસાયટીના પ્રમુખ હિતેન્દ્રસિંહ દરબારે જણાવ્યું હતું.

રામવાડી અન્નક્ષેત્ર ખાતે આજે શાંતિયજ્ઞ યોજાશે

પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા ગુજરાતમાં મેઘ મહેર થતાં ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પ્રભુ પ્રાર્થના અને કોરોનામાં જીવ ગુમાવનાર જીવાત્માઓની શાતિ માટે શાંતિયજ્ઞનું આયોજન આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યુ છે. શબ્દ-સૂરના આરાધકો અને સહાયકો એવા ૧૫૦ કરતા વધારે કલાકારોનુ સન્માન પણ આ અવસરે રામવાડી નં.-૧, ગિરનાર રોડ, જૂનાગઢ મુકામે કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર ભાજપના 'ડોક્ટર સેલ' દ્વારા વિનામૂલ્યે આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન સેક્ટર-૭-સી ખાતે કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનો લાભ વસાહતીઓએ મોટી સંખ્યામાં લીધો હતો.

ગાંધીનગર સેક્ટર-૧૨ બલરામ ભવન ખાતે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તક પ્રેમીઓએ મોટી સંખ્યામાં પુસ્તક વાંચનનો લ્હાવો લીધો હતો.

સુવર્ણ ચંદ્રક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી તરફ, રિયોમા; મરિયપ્પન થંગાવેલુએ હાઈ જમ્પમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. રાજસ્થાનના જયપુરના રહેવાસી ૨૧ વર્ષીય કૃષ્ણા નાગરે એપ્રિલમાં દુબઈમાં પેરા બેડમિંટન આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા. નાગરે જીઝ્ઝ૬ વર્ગમાં મેડલ જીત્યો છે જેમાં નાના કદના ખેલાડીઓ રમે છે. જ્યારે કૃષ્ણા માત્ર ૨ વર્ષનો હતો ત્યારે ડૉક્ટરોએ કહ્યું હતું કે તેની ઊંચાઈ નહીં વધે. ઘરમાં બધા ભાઈ -બહેનો, માતા –પિતાની ઊંચાઈ સામાન્ય છે, પરંતુ કૃષ્ણ નાગરની ઊંચાઈ ૪.૬ ફૂટથી વધી શકી નથી. ટોક્યો પેરાલિમ્પિકમાં સુહાસ યતિરાજે સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચી દીધો છે. જીન્ઝ ક્લાસ ફાઈનલમાં સુહાસ યતિરાજ ફ્રાન્સના લુકાસ માજૂર સામે હારતાં ગોલ્ડ મેડલ ચૂકી ગયા. માજૂરે સુહાસને ૧૫-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૫ થી હરાવ્યા. ટોક્યો પેરાલિમ્પિકમાં બેડમિંટનમાં આ ભારતનો ત્રીજો મેડલ છે. ગૌતમ બુદ્ધ નગર (નોઈડા)ના ૩૮ વર્ષીય જિલ્લાધિકારી સુહાસ પેરાલિમ્પિક રમતોમાં મેડલ જીતનારા પહેલા આઈએએસ અધિકારી પણ બની ગયા છે. આ પહેલા શનિવારે ભારતીય શટલર પ્રમોદ ભગતે કમાલનું પ્રદર્શન કરતા બેડમિંટન સિંગલ્સ જીન્ઝનો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

સિલ્વર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટોક્યો પેરાલિમ્પિક્સમાં સુહાસ એલ યથિરાજની સફળતાને લઈને ભારતમાં ખુશીનું વાતાવરણ છે.તેની સાથે જ ખાસ કરીને તેમના જિલ્લા ગૌતમ બુદ્ધ નગર (નોઈડા) માં લોકો ઉજવણીમાં ડૂબી ગયા છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ, ફ્ર્સુહાસ ન્રૂ એ પોતાના નામે ઘણા મેડલ જીત્યા છે. બેઈજિંગમાં ૨૦૧૬ એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં વ્યાવસાયિક આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનાર તેઓ પ્રથમ ભારતીય અમલદાર બન્યા. તે સમયે તેઓ આઝમગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે કામ કરતા હતા. તેણે આ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ભારત અને સમગ્ર વિશ્વમાં તેનું નામ રોશન કર્યું. ૪ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રોન્ઝ સાથે કુલ ૧૮ મેડલ હવે ભારતના ખાતામાં આવી ગયા છે, જે આ રમતના ઈતિહાસમાં ભારતનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. ટોક્યો પેરાલિમ્પિક્સની મેડલ ટેલીમાં ભારત ૨૬ મા નંબરે પહોંચી ગયું છે.

ખાતમાનો દાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજશીરના યોદ્ધાઓ (નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સ)ના એક નેતા અમરુલ્લા સાલેહે આ દાવાને ફગાવ્યો હતો.

પંજશીર એકમાત્ર વિસ્તાર છે જે તાલિબાનના હાથમાં આવ્યો નથી. પંજશીરના ફાઈટર્સનું નેતૃત્વ પૂર્વ અફઘાન ગોરિલા કમાન્ડર અહેમદ શાહ મસૂદના પુત્ર અહેમદ મસૂદ અને અમરુલ્લાહ સાલેહ કરે છે. તાલિબાને શુક્રવારે એક પ્રોપગેન્ડા રચ્યો અને પંજશીર ઘાટી જીતવાનો દાવો કર્યો હતો. પરંતુ થોડીવાર બાદ પંજશીરમાં તાલિબાન વિરુદ્ધ યુદ્ધ લડી રહેલા અમરુલ્લાહ સાલેહે એક વીડિયો બહાર પાડીને તાલિબાનના દાવાને ફગાવ્યો હતો. હવે સવાલ એ છે કે શું પંજશીરમાં દર વખતે હારનારું તાલિબાન દુષ્પ્રચારનો સહારો લઈ રહ્યું છે?

પંજશીરની જંગમાં કોની જીત થશે તે તો ખબર નથી પરંતુ તાલિબાન નોર્ધર્ન અલાયન્સના મનોબળને નબળું કરવા માંગે છે. એક બાજુ તાલિબાનનો દાવો છે કે પંજશીરના ૪ જિલ્લા પર તાલિબાનનો કબજો છે જ્યારે નોર્ધર્ન અલાયન્સ તરફથી પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહનો દાવો છે કે પંજશીર પર તાલિબાનનો કબજાનો દાવો સાવ ખોટો છે. અત્રે જણાવવાનું કે વર્ષ ૧૯૯૬થી લઈને ૨૦૦૧ વચ્ચે જ્યારે તાલિબાનનું અફગાનિસ્તાન પર રાજ હતું ત્યારે પણ તે આ ઘાટી પર કબજો જમાવી શક્યું નહતું.

સલામતી જોખમાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના મુખ્યમાર્ગો પર ક્રોસ રસ્તાઓ પણ બંધ થયા નથી ટ્રાફિક સિગ્નલ કાર્યરત હોવાછતા વાહન ચાલકો ગતિ નિયંત્રણનુ પાલન કરતા નથી. મુખ્ય ચ માર્ગ પર ૬૦ કી મીની ઝડપ થી વધુ ગતિ માટે નિયંત્રણ મુકવામાં આવ્યુ છે. પરંતુ બહારગામથી આવતા વાહનચાલકો ગતિ નિયંત્રણનો અમલ કરતા નથી. જેના લીધે માર્ગ સલામતી જોખમાય છે. નગરના મુખ્યમાર્ગો પર બિનદાસ્ત અને બેફામ જતા વાહનચાલકો ગમે ત્યારે અક્સ્તામ નોતરે છે. સપ્તાહ અગાઉ પણ નગરના પ્રવેશદ્વાર પાસે હીટ એન્ડ રનના કિસ્સામાં માતા અને દિકરીનુ કરુણ મોત નિપજ્યુ હતુ. શહેરના રોડ નટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ ચૈડા પરની જિન્દગી સલામત બને તે માટે કોઇ પગલા લેવાતા નથી.

નિપાહ વાયરસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેના પરિવારમાં હજુ સુધી કોઈને વાયરસના લક્ષણો નથી દેખાયા. સરકારી નિવેદન અનુસાર, આ બાળક ત્રીજી સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ બીમાર પડ્યો હતો. તેના મગજમાં સોજો ચઢી ગયો હતો અને હાર્ટ પર પણ તેની અસર દેખાઈ હતી. કેરળમાં નિપાહે પણ માથું ઉંચકતા કેન્દ્ર સરકારે એક ટીમ તાત્કાલિક રાજ્યમાં મોકલી છે. જે સરકારને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે. મૃતકના સંપર્કમાં છેલ્લા ૧૨ દિવસમાં જેટલા પણ લોકો સંપર્કમાં આવ્યા હોય તે તમામ પર નજર રાખવામાં આવશે. ખાસ કરીને મલ્લપુરમમાં નિપાહનો ચેપ બીજા કોઈને પણ લાગ્યો છે કે કેમ તેની પૂરતી તપાસ કરવામાં આવશે. તેના કોન્ટેક્ટમાં આવેલા વ્યક્તિને ક્વોરન્ટાઈન કરાશે, અને તેનું સેમ્પલ પણ લેવામાં આવશે. નિપાહને કાબૂમાં લેવા માટે મંત્રીઓએ શનિવારે કલેક્ટર સાથે મિટિંગ યોજી હતી. દક્ષિણ ભારતમાં નિપાહનો પહેલો કેસ કોઝીકોટ જિલ્લામાં ૧૯ મે ૨૦૧૮ના રોજ નોંધાયો હતો.

અત્યારસુધી આ વાયરસ કેરળમાં ૧૮ લોકોનાં ભોગ લઈ ચૂક્યો છે. નિપાહ વાયરસ ચામાચિડિયાની લાળ દ્વારા ફેલાય છે. કેરળને બાદ કરતાં હજુ સુધી કોઈ રાજ્યમાં આ વાયરસ જોવા મળ્યો નથી. ઉલ્લેખનીય છે કે, હાલ કેરળમાં કોરોના પણ ચિંતાનો વિષય બની રહ્યો છે. દેશભરમાં બીજી લહેર પૂરી થઈ ગઈ હોવા છતાંય કેરળમાં જાણે કેસ ઘટવાનું નામ જ નથી રહ્યા. જેના કારણે સરકારે રવિવારે સંપૂર્ણ લોકડાઉન રાખવાની પણ જાહેરાત કરી છે.

કાયદો અને કાનૂન ● પાના ૪થાનું ચાલુ...

ચિંદમ્બરના પુત્ર કાર્તિ સામે વાંધાજનક મેસેજ ટ્વીટ કરવા માટે ધરપકડ સમયે પોલીસની કામગીરી શંકાસ્પદ રહેલ. શ્રી બાલ ઠાકરેના નિધન બાદ મુંબઈ બંધને વખોડી કાઢનારની ધરપકડનો મુદ્દો પણ ચર્ચામાં રહેવા પામેલ જેના ભોગ બનનારને આ કલમ દૂર થતા બે વર્ષ બાદ ન્યાય મળ્યો છે. આઈટી એકટની કલમ ૬૬(એ)નો રાજકીય વેર વાળવાના કામમાં જ અત્યાર સુધી ઉપયોગ થતો હતો જેમાં હવે રોક લાગશે. ૬૬(એ) મુજબ કોઈપણ વ્યકિત પોતે જાણે છે કે માહિતી ખોટી છે છતાં ઉષ્કેરણી જનકરીતે ફેલાવવા, અસુવિધા પેદા કરવા, સમાજમાં ભય ફેલાવવા, અવરોધ સર્જવા અથવા કોઈને અપમાનીત કરવાના બદ ઈરાદાથી દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમથી ઉષ્કેરણી જનક અને તોફાની માહિતી અપલોડ કરવા બદલ ત્રણ વર્ષની સજાની જોગવાઈ હતી હવે આ ધારા રદ બાતલ ઠરાવતા પોલીસ આઈ.પી.સી.ની કલમ ૧૫૩ તથા ૫૦૫ મુજબ ગુન્હેગારો સામે પગલા ભરશે જેમાં પણ ત્રણ વર્ષની જ સજાની જોગવાઈ છે. તેથી અભિવ્યક્તિની સામગ્રી પ્રકાશીત કરતા વ્યક્તિએ આ કલમ સમજીને ત્યારબાદ જ કોઈ પણ બનાવની અભિવ્યક્તિ કરવી જોઈએ.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ